

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# બિનસચિવાલયની પરીક્ષાની અંતિમ ક્ષણોમાં ઉપયોગી ગુજરાત સરકારની અગત્યની યોજનાઓ

# બિનસચિવાલયની પરીક્ષાની અંતિમ ક્ષણોમાં ઉપયોગી ગુજરાત સરકારની અગત્યની યોજનાઓ

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

ગુજરાત રાજ્યના બિન-અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ 2015-16 થી ગુજરાત સરકાર દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી છે.

### ઉદ્દેશ

ગુજરાતમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક તેમજ અન્ય સહાય મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી છે.

### લાભ

(1) **પ્રાથમિક શિક્ષણ :**

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત **સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળા**માં અભ્યાસ કરતા **બિન અનામત વર્ગ**ના તમામ વિદ્યાર્થીઓને **મફત ગણવેશ, મફત પાઠ્યપુસ્તકો અને શિષ્યવૃત્તિના લાભ** મળશે.

→ આ માટે કુટુંબની આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય તમામ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

(2) **માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ :**

આ યોજના અંતર્ગત **સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા**ઓમાં ધોરણ 9 થી ધોરણ 12માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને **મફત પાઠ્યપુસ્તકો** આપવામાં આવશે.

→ આ માટે પણ કુટુંબની આવકમર્યાદા ધ્યાને લેવામાં આવશે નહિ અને તમામ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો મળશે.

(3) **ઉચ્ચ શિક્ષણ માટે ટ્યુશન ફી સહાય :**

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત બિન અનામત વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને નીચે મુજબ સહાય મળશે.

#### મેડિકલ-ડેન્ટલ

➤ ધોરણ 12 પછીના ઉચ્ચ શિક્ષણના **મેડિકલ અને ડેન્ટલ**ના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે **નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની 50 ટકા રકમ અથવા રૂ.2 લાખ** તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય **દર વર્ષે** મળશે. આ ઉપરાંત મેડિકલ અભ્યાસક્રમોની વિદ્યાર્થીનીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાંથી મળતી સહાયની રકમ ઉપરાંતની **બાકીની 50 ટકા ટ્યૂશન ફી સહાય** માનનીય **મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ** હેઠળ આપવામાં આવશે.

#### પ્રોફેશનલ કોર્સીસ

➤ ધોરણ 12 પછીના ઉચ્ચ શિક્ષણના **સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ** જેવા કે **ઈજનેરી/ટેક્નોલોજી, ફાર્મસી, આર્કિટેકચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સીંગ, ફિઝિયોથેરાપી, પેરા-મેડિકલ, વેટરનરી** જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે **નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની 50 ટકા રકમ અથવા રૂ.50,000** તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.

#### B.A., B.Com. જેવા સ્નાતક કક્ષાના કોર્સીસ

➤ ધોરણ 12 પછીના ઉચ્ચ શિક્ષણના **સ્નાતક કક્ષાના કોર્સીસ** જેવા કે **B.Sc., B.Com., B.A., B.B.A., B.C.A.** જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે **નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની 50 ટકા રકમ અથવા રૂ.10,000** તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય **દર વર્ષે** મળવાપાત્ર થશે.

#### ડિપ્લોમા અભ્યાસક્રમો

➤ **ધોરણ 10 પછી**ના સરકાર માન્ય સંસ્થાના ડિપ્લોમા સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે **નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની 50 ટકા રકમ અથવા રૂ.25,000** તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય **દર વર્ષે** મળશે.

YouTube ICE RAJKOT
બિનસચિવાલય કલાર્ક માટે મોટિવેશનલ વીડિયો જોવા માટે અહીં CLICK કરો... એકવાર જરૂર જુઓ...
(PART 1 & 2)

## ડિપ્લોમા પછી ડિગ્રી માટે સહાય

➤ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને **ડીપ્લોમા પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના** સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે **નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની 50% રકમ અથવા રૂપિયા 50,000/-** તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય **દર વર્ષે** મળવાપાત્ર થશે.

નોંધ : આ ઉપરાંત સરકારી મેડિકલ, ડેન્ટલ, ઈજનેરી કોલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના કોઈ વિદ્યાર્થીએ ફરજિયાતપણે સ્વ-નિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આવા આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવેલ **સ્વ-નિર્ભર કોલેજ અને સરકારી કોલેજ વચ્ચેની ટ્યૂશન ફીના તફાવતની રકમ** સહાય પેટે મળવાપાત્ર થશે.

**(4) ઉચ્ચ શિક્ષણ માટે રહેવા - જમવા પેટે સહાય :**

આ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા અને સ્નાતક અથવા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી પોતાના **પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ ન મળ્યો હોય તેવા** વિદ્યાર્થીઓને વર્ષના **10** મહિના માટે **દર મહિને** રહેવા-જમવાની સહાય પેટે **રૂ.1200** મળવાપાત્ર રહેશે.

➤ આવા વિદ્યાર્થીઓએ પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાથી બહાર તેઓ અભ્યાસ કરતા હોવાનું તથા સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહિ મળ્યા બાબતનું એકરારનામું આપવાનું રહેશે.

**(5) ઉચ્ચ શિક્ષણ માટે સાધન - પુસ્તક સહાય :**

આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેવા **મેડિકલ, ડેન્ટલ**ના **સ્નાતક અભ્યાસક્રમોમાં** પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને **પ્રથમ વર્ષે** સાધન-પુસ્તક સહાય પેટે **રૂ.10,000** મળવાપાત્ર રહેશે.

➤ ઈજનેરી, ટેક્નોલોજી, ફાર્મસી, આર્કિટેકચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સીંગ, ફિઝિયોથેરાપી, પેરા-મેડિકલ, વેટરનરી, ઈન્ટીરીયર ડિઝાઈન, પ્લાનિંગ, હોટેલ મેનેજમેન્ટ વગેરે જેવા **પ્રોફેશનલ કોર્સીસ**ના **સ્નાતક અભ્યાસક્રમો**માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને **પ્રથમ વર્ષે** સાધન-પુસ્તક સહાય પેટે **રૂ.5000** મળવાપાત્ર રહેશે.

➤ જ્યારે **ડિપ્લોમા** અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને **પ્રથમ વર્ષે** સાધન-પુસ્તક સહાય પેટે **રૂ.3000** મળવાપાત્ર રહેશે.

➤ અભ્યાસક્રમની અવધિ દરમિયાન સાધન-પુસ્તક સહાય **માત્ર એક જ વખત** મળવાપાત્ર રહેશે.

## ઉપરોક્ત યોજનાનો લાભ લેવા માટેની શરતો

(1) ઉચ્ચ શિક્ષણ સહાય માટેની રાજ્ય સરકાર અથવા ભારત સરકારની વિવિધ યોજનાઓ અથવા અન્ય કોઈ યોજનાઓ પૈકી કોઈ એક યોજના હેઠળ લાભ મેળવવા માટે વિદ્યાર્થીએ પસંદગી કરવાની રહેશે. કોઈપણ વિદ્યાર્થી એક સાથે એકથી વધુ યોજનાને પસંદગી આપી શકશે નહીં એટલે કે વિદ્યાર્થી કોઈ એક જ યોજના હેઠળ લાભ મેળવી શકશે. પરંતુ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ, માન્ય તમામ મેડીકલ શિક્ષણની વિદ્યાર્થીનીઓને, કુલ ટયુશન ફી રૂ.6.00 લાખની મર્યાદા પૈકી, આ યોજના હેઠળ હાલ મળવાપાત્ર ટયુશન ફીની રકમ સિવાયની બાકી રહેતી ટયુશન ફીની રકમ ''મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ''માંથી આપવાની રહેશે.

(2) મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીઓએ બેન્કમાં ખાતું ખોલવાનું રહેશે અને જે વિદ્યાર્થીઓ પાસે આધાર નંબર હશે તેઓએ પોતાના આધાર નંબર આ બેન્ક ખાતા સાથે જોડવાના રહેશે.

(3) સહાય મેળવનાર વિદ્યાર્થી સામે સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી થઈ હશે તો આવો વિદ્યાર્થી સહાય મેળવવા માટે અથવા ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે. જે કોઈ વિદ્યાર્થી ખોટી વિગતો, ખોટુ આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજૂ કરીને કે છેતરપિંડીથી સહાય મેળવેલ હશે તેવું પ્રસ્થાપિત થતાં વિદ્યાર્થી પાસેથી સહાયની તમામ રકમ **18%ના દંડનીય વ્યાજ** સહિત પરત કરાવવા ઉપરાંત કાયદેસરની કાર્યવાહી માટે પગલાં લેવામાં આવશે.

(4) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે મળી હોય તે પરીક્ષામાં **ઓછામાં ઓછા 50%** માર્કસ સાથે ઉત્તિર્ણ થવાનું રહેશે.

(5) સહાય મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી **75% હાજરી** હોવી જરૂરી રહેશે.

## ઉચ્ચ શિક્ષણ માટે સહાય મેળવવાની પાત્રતા

(1) ધોરણ-10 અથવા ધોરણ-12 પછીના **ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો** માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી સંબંધિત **ધોરણ-10 અથવા ધોરણ-12ની (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહની)** પરીક્ષામાં **80 કે તેથી વધુ ઓવરઓલ પરસેન્ટાઈલ** મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

click here JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

(2) **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો** માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી **ધોરણ-12ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ**ની પરીક્ષામાં **80 કે તેથી વધુ ઓવરઓલ પરસેન્ટાઈલ** મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. આ ઉપરાંત માન્ય બોર્ડની ગુજરાતમાંથી **ધોરણ-12ની વિજ્ઞાન પ્રવાહ**ની પરીક્ષામાં સાયન્સના વિષયોમાં (PCM/PCB) થીયરીમાં **80 કે તેથી વધુ પરસેન્ટાઈલ** મેળવનાર વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળશે.

(3) **રૂ.6 લાખ** સુધીની **વાર્ષિક આવક** ધરાવતા વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાશે. વાર્ષિક આવકનું પ્રમાણપત્ર **મામલતદારશ્રી/ તાલુકા વિકાસ અધિકારીશ્રી** પાસેથી મેળવવાનું રહેશે.

(4) ડીપ્લોમા અને સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી સહાય મળવાપાત્ર થશે.

(5) સ્વ-નિર્ભર અભ્યાસક્રમોમાં NRI બેઠકો પર પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહીં.

(6) ગુજરાત રાજ્યમાં આવેલ યુનિવર્સિટીમાંથી **ડિપ્લોમા અભ્યાસક્રમ**ની પરીક્ષા **65 ટકા કે તેથી વધુ ટકા** સાથે પાસ કરનાર અથવા ડી ટુ ડી ના પ્રવેશ નિયમો મુજબ **65 ટકા કે તેથી વધુ મેરીટ માર્ક્સ** મેળવી ડીગ્રી (સ્નાતક કક્ષાના) અભ્યાસક્રમોમાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

(7) "ગુજરાત રાજ્યના વતની હોય અને યુદ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના ફરજો દરમિયાન શહીદ થયેલ જવાનોના સંતાનોને પરસેન્ટાઈલ/પરસેન્ટેજ કે આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય આ યોજના અંતર્ગત ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય મળવાપાત્ર થશે. આ માટે નિયામકશ્રી, સૈનિક વેલ્ફર બોર્ડનું/સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે."

(8) **MBBS**માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે **નીટના(NEET)** આધારે પ્રવેશ મેળવેલ હોય તથા જોગવાઈ ક્રમાંકઃ–03માં દર્શાવેલ આવક સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા હોય તેવા વાલીઓના સંતાનો આ સહાય મેળવવા માટે લાયક ગણાશે.

નોંધ :

(1) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) અંતર્ગત, જ્યારે કોઈ વ્યકિતની સામાન્ય રીતે આવક, રૂ.6.00 લાખની અંદર હોય, પણ જે તે વર્ષમાં MYSYમાં અરજી કરેલ હોય, તે વર્ષમાં મિલકતના વેચાણ અથવા વિમાના કલેઈમ મળવાના કારણે, આવક વધે, તેવા કિસ્સાઓમાં **રૂ.11.00 લાખ** સુધીની એટલે કે, આવક મર્યાદા કરતાં રૂ.5.00 લાખ વધુ આવક હોય તેવા કિસ્સામાં MYSY સહાય મળવાપાત્ર રહેશે. આ લાભ ફકત એક જ વર્ષ માટે અપાશે. બીજા વર્ષે રીન્યુઅલ વખતે રૂ.6.00 લાખની મર્યાદા એટલે કે સામાન્ય મર્યાદા રૂ.6.00 લાખ જ તેમને લાગુ પડશે. આકસ્મિક આવકનો લાભ બીજા વર્ષે આપી શકાશે નહિ અને જો બીજા વર્ષની આવક, નિયત મર્યાદા કરતાં વધુ હોય તો, MYSY યોજનાનો લાભ મળવાપાત્ર (Renew) થશે નહીં.

(2) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત, જ્યારે કોઈ વ્યકિતની કૌટુંબિક વાર્ષિક આવક સામાન્ય રીતે રૂ.6.00 લાખની અંદર હોય, પણ જે તે વર્ષે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં અરજી કરેલ હોય, તે વર્ષમાં મિલકત વેચાણની આવક, ઉચ્ચતર પગાર ધોરણનો તફાવતનું એરિયર્સ, PPFનું વ્યાજ, નિવૃત્તિ સમયે મળતા લાભ જેવા કે લીવ એલાઉન્સ, લીવ એન્કેશમેન્ટ, ગ્રેચ્યુએટી, પ્રોવિડંડ ફંડ, સર્વિસ દરમિયાન કપાત પગાર પરત મળવાના કારણે તેની આવક વધે તેવા કિસ્સાઓમાં **રૂ.11.00 લાખ** સુધીની એટલે કે આવક મર્યાદા કરતા રૂ.5.00 લાખ વધુ આવક હોય, તેવા કિસ્સામાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના સહાય મળવાપાત્ર રહેશે.

## પરિવારના મુખ્ય કમાનાર વ્યકિતના અવસાનના કિસ્સામાં સહાય

➤ પરિવારના મુખ્ય કમાનાર વ્યકિતના દુઃખદ અવસાનના કારણે સંબંધિત વિદ્યાર્થીના કિસ્સામાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની શૈક્ષણિક, આર્થિક અને અન્ય તમામ જોગવાઈઓ સંતોષાતી હોય તો, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીને આ યોજનાનો લાભ મળશે.

➤ આ જોગવાઈ સમગ્ર રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ આવરી લેવાયેલા તમામ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના બાકીના સમયગાળા માટે લાગુ પાડવામાં આવશે.

## યોજનાનું અમલીકરણ

(1) આ યોજના અંતર્ગત **પ્રાથમિક શિક્ષણ** માટે આપવાની થતી સહાયની વહીવટી વ્યવસ્થા તથા નાણાકીય જોગવાઈ સંબંધિત કાર્યવાહી **નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી** દ્વારા કરવાની રહેશે.

(2) આ યોજના અંતર્ગત **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ** માટે આપવાની થતી સહાયની વહીવટી વ્યવસ્થા તથા નાણાકીય જોગવાઈ સંબંધિત કાર્યવાહી **કમિશનરશ્રી શાળાઓની કચેરી** દ્વારા કરવાની રહેશે.

(3) આ યોજના અંતર્ગત **ઉચ્ચ શિક્ષણ સહાય**ની કાર્યવાહી **નોડલ એજન્સી** તરીકે **નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી)** મારફત કરવાની રહેશે. આ માટે કેસીજીની કચેરી ખાતે એક અલાયદુ એકમ ઉભું કરવાનું રહેશે.

(4) ઉચ્ચ શિક્ષણ માટે આપવાની થતી સહાયની કાર્યવાહી માટે કેસીજી ખાતે કાર્યરત થનાર એકમ દ્વારા **નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર (NIC)**ના પરામર્શમાં વેબ પોર્ટલ બનાવડાવી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવાની રહેશે.

YouTube WATCH બિનસચિવાલય વિદ્યાર્થી માટે ખાસ Motivational Video

(5) આ યોજના હેઠળ રાજ્યભરમાં આવેલી યુનિવર્સિટીઓ/સંસ્થાઓ ખાતે નિયુક્ત કરેલ હેલ્પ સેન્ટરો મારફતે કેસીજી ખાતે અરજીઓ મંગાવવાની રહેશે. યુનિવર્સિટીઓ–સંસ્થાઓ–હેલ્પ સેન્ટરો સાથેના તથા વિદ્યાર્થીઓની સહાય સંબંધિત રજૂઆતોને લગતા તમામ પત્રવ્યવહાર કેસીજી ખાતેના સેલમાં કરવાના રહેશે.

(6) કેસીજી ખાતેના એકમને મળેલ ઓનલાઈન અરજીઓની ચકાસણી અને મંજૂરી માટે નીચે જણાવેલ કમિશનરશ્રી/નિયામકશ્રીની કચેરીઓને મોકલવાની રહેશે.

- ➤ **ટેક્નિકલ શિક્ષણ**ને લગતા અભ્યાસક્રમો માટે **કમિશનરશ્રી, ટેક્નિકલ શિક્ષણની કચેરી.**
- ➤ **ઉચ્ચ શિક્ષણ**ને લગતા અભ્યાસક્રમો માટે **કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી.**
- ➤ **મેડીકલ, ડેન્ટલ અને પેરામેડીકલ**ને લગતા અભ્યાસક્રમો માટે **કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી.**
- ➤ **એગ્રીકલ્ચર**ને લગતા અભ્યાસક્રમો માટે **નિયામકશ્રી, ખેતીની કચેરી.**
- ➤ **વેટરનરી**ને લગતા અભ્યાસક્રમો માટે **નિયામકશ્રી, ખેતીની કચેરી.**
- ➤ આ સિવાયના અન્ય અભ્યાસક્રમો માટે સંબંધિત નિયામકશ્રી/કમિશનરશ્રીની કચેરીઓ દ્વારા અરજીઓની ચકાસણી અને મંજૂરીની કાર્યવાહી કરવાની રહેશે.

(7) સંબંધિત કચેરીઓ દ્વારા નિયત કરાયેલ જોગવાઈ મુજબના ધોરણો સંતોષતા વિદ્યાર્થીઓને સહાયની ચૂકવણી માટે કેસીજીને વિદ્યાર્થીઓની પ્રમાણિત યાદી મોકલી આપવાની રહેશે. કેસીજી દ્વારા કેન્દ્રીયકૃત ધોરણે ઉચ્ચ શિક્ષણ સહાયની રકમનું ચૂકવણું કરવાનું રહેશે.

(8) આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ સહાય માટે વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમનું કેસીજી દ્વારા જી.એસ.એફ.એસ. માં રોકાણ કરવાનું રહેશે.

(9) વહીવટી કામગીરી માટે 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'ની દરેક વર્ષની બજેટ જોગવાઈના **1%(એક ટકા)**ની રકમ કેસીજીની કચેરીને વ્યાજમાંથી થયેલ ખરેખર ખર્ચની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. જેનો ખર્ચ યોજનાને લગતી આનુષંગિક કામગીરી માટે કરવાનો રહેશે. યોજના અન્વયે થયેલ તમામ ખર્ચ બાદ કરતાં વધેલી વ્યાજની રકમ **'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન નિધિ'** તરીકે ગણવાની રહેશે.

નોંધ : **'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'** અંતર્ગત લાભ મેળવવા માટે શરૂઆતમાં વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા **રૂ.4.5** લાખ નક્કી કરવામાં આવી હતી. જે વધારીને હવે **રૂ.6** લાખ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય
ગાંધીનગરમાં ICEની નવી બ્રાંચનો શુભારંભ
તલાટી / જુનિયર કલાર્ક / સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...
SPECIAL BATCH
ફ્રી ટ્રાયલ લેક્ચર 21/11/19 સવારે 8 થી 11
રજિસ્ટ્રેશન ફરજિયાત
81406-01110 / 81407-01110
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ
નવા શુભારંભ સાથે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ
પ્રથમ 121 વિદ્યાર્થી માટે
5000/-નું SPECIAL DISCOUNT
આવનારી વર્ગ-3ની તમામ ભરતીઓ માટે ખાસ બેચ
ICE ગાંધીનગર
ઘ-2, સેક્ટર-6, બીજો માળ, ઈસ્કોન ગાંઠીયા પાસે, ગાંધીનગર
100% સફળતા માટે
ICE ®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતમાં બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક-સ્વરોજગારલક્ષી આઠ યોજનાઓની જાહેરાત

ગુજરાતમાં <u>બિન અનામત વર્ગ</u>ની <u>58 જાતિઓ</u>ના આશરે <u>દોઢ કરોડ વિદ્યાર્થીઓ</u>ના લાભાર્થે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા ઓગસ્ટ 2018માં શૈક્ષણિક–સ્વરોજગારલક્ષી કુલ <u>આઠ યોજનાઓ</u>ની જાહેરાત કરવામાં આવી હતી. આ વિવિધ આઠ યોજનાઓ અંતર્ગત અનામત વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ટ્યુશન સહાય તથા ઓછા વ્યાજે લોન, હોસ્ટેલ માટે ભોજન સહાય ઉપરાંત સ્વરોજગાર માટે ઓછા વ્યાજે લોન તેમજ બેંકલોન પર વ્યાજ સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ તમામ યોજનાઓનો લાભ <u>વર્તમાન શૈક્ષણિક સત્ર</u>થી જ મળવાનો શરૂ થઈ જશે. વિદ્યાર્થીઓ આ તમામ યોજનાઓનો લાભ સરળતાથી મેળવી શકે તે માટે આ <u>તમામ પ્રક્રિયા ઓનલાઈન</u> કરવામાં આવી છે. આ માટે ગુજરાત સરકાર દ્વારા <u>બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ</u>ને <u>રૂા. 600 કરોડ</u> ફાળવવામાં આવ્યા છે. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આ આઠ યોજનાઓ અંગેની મુખ્ય વિગતો આ પ્રમાણે છે :

### ટ્યૂશન સહાય અંગેની ત્રણ યોજનાઓ

| ક્રમ | અભ્યાસ-પરીક્ષાનું નામ | સહાયની રકમ | લાયકાત | કુટુંબની વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|---|
| (1) | **યોજનાનું નામ : ટ્યુશન સહાય યોજના** | | | |
| | ધોરણ 11-12 સાયન્સ માટે | પ્રતિ વર્ષ રૂા. 15,000 | ધોરણ-10માં 70 ટકા | રૂા. 4.5 લાખ સુધી |
| (2) | **યોજનાનું નામ : JEE, ગુજકેટ NEET પરીક્ષા માટે કોચીંગ સહાય યોજના** | | | |
| | JEE, ગુજકેટ, NEET વગેરે (ધોરણ-12 સાયન્સ પછી મેડિકલ–ઈજનેરીમાં એડમિશન માટે એન્ટ્રન્સ પરીક્ષાની તૈયારી માટે) | રૂા. 20,000 અથવા તો ખરેખર ફી એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમ | ધોરણ 10માં 70 ટકા | રૂા. 4.5 લાખ સુધી |
| (3) | **યોજનાનું નામ : સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય યોજના** | | | |
| | UPSC, GPSC સહિત ગુજરાત તેમજ ભારત સરકારની ક્લાસ 1, 2, 3ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે | રૂા. 20,000 અથવા તો ખરેખર ફી એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમ | ધોરણ-12માં 60 ટકા કે તેથી વધુ | રૂા. 4.5 લાખ સુધી |

### હોસ્ટેલમાં ભોજન બીલ પેટે સહાય અંગેની યોજના

| ક્રમ કોને સહાય મળશે ? | સહાયની રકમ | કુટુંબની આ.મર્યાદા |
|---|---|---|
| **યોજનાનું નામ : ભોજન બીલ સહાય યોજના** | | |
| મેડિકલ, ડેન્ટલ, ટેકનિકલ, પેરામેડિકલમાં અભ્યાસરત અને પોતાના વતનના તાલુકાની બહાર સરકારી કે ગ્રાન્ટેડ સિવાયની હોસ્ટેલોમાં રહેતા વિદ્યાર્થીઓને વર્ષના 10 માસ માટે | પ્રતિમાસ રૂા. 1200 ભોજન બીલ પેટે મળશે. | રૂા. 4.5 લાખ સુધી |
| આ ઉપરાંત બિન અનામત વર્ગની જ્ઞાતિઓના કોઈપણ સમાજ, ટ્રસ્ટ, સંસ્થા સંચાલિત કન્યા છાત્રાલયમાં રહીને ધોરણ 9 થી 12માં અભ્યાસરત કન્યાઓને વર્ષના 10 માસ માટે | પ્રતિમાસ રૂા. 1200 ભોજન બીલ પેટે મળશે | રૂા. 4.5 લાખ સુધી |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**અમને વિશ્વાસ છે, આપ પણ અધિકારી બની શકો છો**

SPECIAL BATCH
SPECIAL DISCOUNT

**તલાટી / જુનિયર કલાર્ક સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...**

ફ્રી ટ્રાયલ લેકચર
21/11/19
સવાર/બપોર/સાંજ

20% Discount 70% થી વધુને
15% Discount 40% થી વધુને
50% Discount 85% થી વધુને

તમામ જૂના વિદ્યાર્થીઓને 50% Discount
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

રાજકોટ
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે

93757-01110 / 93280-01110

100% સફળતા માટે
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અભ્યાસ માટેની બે લોન યોજનાઓ

| ક્રમ | અભ્યાસ | લોનની રકમ | વ્યાજદર | લાયકાત | કુટુંબની વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|---|---|
| (1) | **યોજનાનું નામ : શૈક્ષણિક અભ્યાસ યોજના** | | | | |
| | મેડિકલ, ડેન્ટલ, ઈજનેરી, ટેક્નોલોજી, ફાર્મસી, આર્કિટેકચર, આયુર્વેદ, હોમિયોપેથી, ફિઝિયોથેરાપી, વેટનરી, નર્સિંગ ઉપરાંત (બીબીએ, બીકોમ, બીએ જેવા હાયર એજ્યુકેશન સિવાયના) તમામ વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે | રૂા. 10 લાખ અથવા કુલ ટ્યુશન ફી તે બે પૈકી જે ઓછું હોય તે | 4 ટકા | ધોરણ-12માં 60 ટકા કે તેથી વધુ | રૂા. 6 લાખ સુધી |
| (2) | **યોજનાનું નામ : વિદેશ અભ્યાસ યોજના** | | | | |
| | ધોરણ 12 પછી MBBS, ડિપ્લોમા પછી ડિગ્રી, સ્નાતક પછી અનુસ્નાતક માટે તેમજ રિસર્ચ જેવા ટેકનિકલ, પેરામેડિકલ, પ્રોફેશનલ સહિતના વિદેશ અભ્યાસ માટે | રૂા. 15 લાખ સુધીની લોન | 4 ટકા | ધોરણ-12માં 60 ટકા કે તેથી વધુ | રૂા. 6 લાખ સુધી |

## વ્યવસાય માટે વ્યાજ સહાય યોજના

| ક્રમ | વ્યવસાય | વ્યાજ સહાય | કુટુંબની વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|
| (1) | **યોજનાનું નામ : સ્નાતક તબીબ, વકીલ, ટેકનિકલ સ્નાતક માટે વ્યાજ સહાય યોજના** | | |
| | ડોકટરને કિલનિક, લેબોરેટરી, રેડિયોલોજી કિલનિક શરૂ કરવા તેમજ એડવોકેટ તથા ટેકનિકલ સ્નાતકને ઓફિસ શરૂ કરવા | બેંક લોન લે તો તેમાં રૂા. 10 લાખ સુધીની લોન પર 5 ટકા વ્યાજ સહાય મળશે | રૂા. 6 લાખ સુધી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વ્યવસાય માટે લોન યોજના

| ક્રમ | વ્યવસાય | લોન | વ્યાજદર | કુટુંબની વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|---|
| (1) | **યોજનાનું નામ : સ્વરોજગારલક્ષી યોજના** | | | |
| | ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટીક, ટ્રાવેલર્સ, ફૂડ કોર્ટ જેવા વ્યવસાય માટે વાહનની ખરીદી માટે, જરૂરી સ્ટ્રકચર માટે તેમજ કરિયાણાની દુકાન, મેડિકલ સ્ટોર, રેડિમેડ ગારમેન્ટ કે બૂક સ્ટોર જેવા સ્ટોર્સથી લઈને સ્વરોજગારી માટે રીક્ષા, લોડીંગ રીક્ષા, મારૂતિ ઈકો, જીપ–ટેક્ષી વગેરે માટે | રૂા. 10 લાખ સુધીની લોન | 5 ટકા (મહિલાઓ માટે 4 ટકા) | રૂા. 6 લાખ સુધી |

click here JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

નોંધ : (1) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના વર્તમાન (14 નવેમ્બર, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી બી. એચ. ઘોડાસરા છે.

(2) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમમાં એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ અને અન્ય 5 સભ્યો સહિત સાત વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમાં એક મેનેજિંગ ડિરેક્ટર પણ હોય છે.

(3) ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે 4 એપ્રિલ, 2018ના રોજ ગાંધીનગર ખાતે આવેલા કર્મયોગી ભવનમાં બિન અનામત વર્ગ આયોગના કાર્યાલયનો પ્રારંભ કરાવ્યો હતો.

## ➤ 'સૂર્ય ગુજરાત' સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારના ત્રણ વર્ષ પૂરા થવાને પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં 'સૂર્ય ગુજરાત' સૂર્ય ઊર્જા રૂફટોપ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

### 'સૂર્ય ગુજરાત' યોજનાની વિશેષતા

આ યોજના અંતર્ગત વીજ વિતરણ કંપનીના પ્રાઈવેટ રહેણાંક શ્રેણીના કોઈપણ ગ્રાહક પોતાની છત પર અથવા પોતાની મિલકતમાં સોલાર રૂફટોપ સિસ્ટમ ગોઠવી શકશે.

- જેમાં રહેણાંક હેતુના વીજગ્રાહકોને સરકાર 3 કિલોવોટની ક્ષમતા સુધી નિયત કિંમત ઉપર 40 ટકા સબસિડી આપશે. જ્યારે 3 કિલોવોટથી વધુ અને 10 કિલોવોટ સુધી 20 ટકા સબસિડી આપવામાં આવશે.
- આ યોજના દ્વારા ઉત્પન્ન વીજળીને વીજ કંપની દ્વારા રૂ. 2.25 પ્રતિ યુનિટના દરે ખરીદી લેવામાં આવશે.
- જો વીજ ગ્રાહક માન્ય એજન્સી પાસેથી સોલાર સિસ્ટમ સ્થાપિત કરાવશે તો તે એજન્સી 5 વર્ષ સુધી સિસ્ટમનું વિના મૂલ્યે મેઈન્ટેનન્સ કરશે.આ નીતિ વર્ષ 2021-22 સુધી અમલમાં રહેશે.
- અને વર્ષ 2021-22 સુધીમાં આ નીતિ અંતર્ગત અંદાજે 8 લાખ રહેણાંકના ગ્રાહકોને ત્યાં સોલાર રૂફટોપ લગાવવાનું સરકારનું આયોજન છે.
- જ્યારે વર્ષ 2019-20 દરમિયાન આ નીતિ અંતર્ગત 2 લાખ સોલાર રૂફટોપ લગાવવાનું સરકારનું આયોજન છે.

## ➤ ગુજરાત સરકારની 'શોધ (SHODH) યોજના'ની જાહેરાત

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારના ત્રણ વર્ષ પૂરા થવાને પ્રસંગે તેમણે આ 'શોધ યોજના'ની જાહેરાત કરી હતી.

### SHODH યોજનાનું પૂરું નામ શું છે ?

SHODH યોજનાનું પૂરું નામ 'Scheme of Developing High Quality Research' છે.

### આ યોજનાનો ઉદ્દેશ શું છે ?

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રોત્સાહન આપવાનો છે.

- અને એ રીતે ગુજરાતની જ્ઞાનસંપદામાં બહુલક્ષી વૃદ્ધિ કરવાનો છે.

### આ યોજનાનો લાભ કોને મળશે ?

ગુજરાતની માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

### આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?

આ યોજના અંતર્ગત ગુજરાતની માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને રૂ. 15,000નું સ્ટાઈપેન્ડ મળશે.

- આ ઉપરાંત પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આનુષંગિક ખર્ચ માટે વાર્ષિક રૂ. 20,000 આપવામાં આવશે.
- આ રીતે સ્ટાઈપેન્ડ પ્લસ આનુષંગિક ખર્ચ માટેની સહાય એમ બંને મળીને બે વર્ષના અંતે કુલ 4 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસે ગુજરાતમાં 'વ્હાલી દીકરી' યોજનાનો પ્રારંભ



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના જન્મદિવસના રોજ રાજકોટ ખાતેથી ગુજરાતમાં 'વ્હાલી દીકરી' યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.

- આ અંતર્ગત 2 ઓગસ્ટ, 2019થી ગુજરાતમાં આ યોજનાનો પ્રારંભ થશે.

### આ યોજનાનો લાભ કોને મળશે ?

ગુજરાતમાં કુટુંબના પહેલા બે બાળકો પૈકીની દીકરીઓને આ યોજનાનો લાભ મળશે.

- આ યોજનાનો લાભ લેવા માટે પરિવારની વાર્ષિક આવક મર્યાદા રૂ. 2 લાખ સુધીની છે.

### આ યોજનાથી શું લાભ થશે ?

આ યોજના અંતર્ગત લાભાર્થી દીકરીઓને ત્રણ તબક્કામાં કુલ 1,10,000 રૂપિયાની સહાય આપવામાં આવશે. જેમાં...

1. દીકરીના પહેલા ધોરણમાં પ્રવેશ વખતે રૂ. 4000
2. દીકરી નવમા ધોરણમાં આવે ત્યારે રૂ. 6000
3. દીકરી 18 વર્ષની વય વટાવે ત્યારે રૂ. 1,00,000 આપવામાં આવશે.

- આ યોજનાથી ગુજરાતમાં સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવામાં મદદ થશે, કન્યા કેળવણીને પ્રોત્સાહન મળશે અને દીકરી પુખ્ત વયની થાય ત્યારે ઉચ્ચ શિક્ષણ અને તેના લગ્ન પ્રસંગ માટે મોટી રકમ મળશે.



**નોંધ :** આ નવી યોજના માટે સરકારે બજેટમાં રૂ. 133 કરોડની જોગવાઈ કરી છે.

